# ઉપનિષદોમાં મૂલ્યશિક્ષણ અને વિભાવના

**સંગીતાબેન પી. પરમાર**
શિક્ષક, સ. મા. ઉ.મા. શાળા, આહવા
મો ૮૨૩૮૮૮૩૩૨૧, E-Mail. parmarsangeeta28@yahoo.com

સમાજ માત્ર ભૌતિક વસ્તુઓનો સંગ્રહ નથી. વિજ્ઞાનની પાછળ આંધળી દોડમાં કેટલીક ભૌતિક પ્રાપ્તિઓ જ શ્રેષ્ઠ સમાજનું માપદંડ ન બની શકે. સમાજ ચેતનમૂર્ત છે અને તે પ્રેમ, સદભાવના, ભ્રાતૃત્વ, નૈતિકતા તથા માનવીય મૂલ્યોને આધારે ચાલે છે. એક પ્રગતિશીલ અને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ આવા આવા મૂલ્યોને આધારે જ થઈ શકે. આજે એ મૂલ્યોનો ઘોર અભાવ જ નહી, પરંતુ ભયંકર દુષ્કાળ પડ્યો છે. આજે વિદ્યાર્થી શાળા કૉલેજમાં શિક્ષણ લેવાને બદલે ઉગ્ર પ્રદર્શનો, હડતાલ, રાજકારણ, તોડફોડ, માદક દ્રવ્યનું સેવન, મનોરંજનના સાધનો તથા બહિર્મુખતાની વાતોમાં વધુ રસ લે છે. શિક્ષકપણ ખંતથી શિક્ષણ કાર્ય કરતા નથી. આથી જ આજના સમયની માંગ છે કે આપને એવી નવી દિશા કે નવી રીતિ શોધવી રહી કે જેનાથી માનવને પૂર્ણમાનવ–દિવ્યમાનવ બનાવી શકાય. પ્રાચીન કાળનું સાહિત્ય હિંદુ સંસ્કૃતિની દીપશિખા છે. ભારતીય પ્રાચીનશિક્ષણ પ્રણાલી વૈદિક કાળમાં શરૂ થઈ ઉપનિષદકાળમાં વધુ સુદૃઢ બની.

**ઉપનિષદનો અર્થ**

વેદ સાહિત્યને છેવાડે આવવાને કારણે સમસ્ત વેદાર્થનો નિચોડ ધરાવવાને કારણે આ અંતિમ **'वेदान्त'** તરીકે ઓળખાય છે. **वेदनाम अंत: इति वेदान्त:** | આ વેદ સાહિત્યનો અંતિમ ભાગ એટલે ઉપનિષદો.

**મૂલ્યનો અર્થ**

માનવીનું વર્તન, રહેણીકરણી, તેની માન્યતાઓ, રીતરિવાજો, આદર્શોનો સરવાળો એટલે મૂલ્ય. Values determines what should do and how should we do. મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિમત આંકવી અથવા પાત્રતાને મૂલવવી. આઈન્સ્ટાઈન પણ કહે છે કે – મૂલ્યો જરૂરિયાતપર નિર્ભર છે. Need base છે. સમય જતાં તે Culture base માં પરિણમે છે. દા.ત. ગાંધીજીએ સાદગીને મૂલ્યવાન ગણેલ, વિનોબાએ ભૂદાનને અને મધર ટેરેસાએ માનવતાને ઉચ્ચત્તમ મૂલ્યો તરીકે અપનાવ્યા હતા.

પ્રવર્તમાન સમયમાં તારુણ્યશિક્ષણ, કમ્પ્યૂટર શિક્ષણ, મેનેજમેન્ટ શિક્ષણ, શાંતિ માટેનું શિક્ષણ, પર્યાવરણ શિક્ષણ, વસ્તી શિક્ષણ વગેરે ખ્યાલોને શિક્ષણમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. તેમાંય વળી, વર્તમાન સમાજ જીવનમાં જેની તાતી જરૂરિયાત છે અને જે વ્યક્તિગત વિકાસ અને તે દ્વારા સમાજના નૈતિક વિકાસમાં મહત્વનું પ્રદાન કરી શકે તેવો ખ્યાલ મૂલ્યશિક્ષણનો છે.

કોઈ પણ ફળદાયી વૃક્ષની યથાર્થતા કે સફળતા ત્યારે જ ગણાય કે તે ફળ ફૂલોથી ભરપૂર બને. તે જ રીતે માનવજીવન પણ એક વૃક્ષ જેવું છે. જ્યાં સુધી તેના જીવનમાં પ્રત્યેક વ્યવહારમાં સેવા, પરોપકાર, ધૈર્ય, ત્યાગ ઉદારતા અને પવિત્રતા જેવા ગુણોરૂપી ફૂલો ન આવે ત્યાં સુધી તેના જીવનને 'પૂર્ણ જીવન' કે 'દિવ્ય જીવન' કહી શકાય નહિ. આથી જ આજના સમયની માંગ છે કે આપણે એક નવી દિશા કે નવી રીતિ શોધવી રહી કે જેનાથી માનવને પૂર્ણમાનવ – દિવ્ય માનવ બનાવી શકાય.

**ભારતીય સંસ્કૃતિની ગઈકાલ**

ભારતીય સંસ્કૃતિની પોતાની આગવી અને નિજી ઓળખ છે. સંસ્કૃતિનું વૃક્ષ સમાજની ધરતીમાં પાંગરે છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ એટલે રાષ્ટ્રની ધરતીમાં ઊગેલી માન્યતાઓ, પરંપરાઓ, રિવાજો, આચારો, મૂલ્યોનો સમન્વય. ભારતને પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ છે. આ સાંસ્કૃતિક ઓળખ તેની ભાતીગળ સંસ્કૃતિમાં રહેલી છે. આ સંસ્કૃતિનાં પ્રજીવકો એ ભારતીય સમાજે યુગોથી સંચિત કરેલાં મૂલ્યો છે. ભારતીય પરંપરામાં આચારના બીજ વિચારમાં વવાય છે. આનાથી સંસ્કારિતાનું પોત વણાય છે. મૂલ્ય વિનાની સંસ્કૃતિ હોઈ શકે નહી. ભારતની મૂલ્યવાન સંસ્કૃતિ વ્યક્તિ અને સમાજના મૂલ્યલક્ષી વ્યવહારો દ્વારા યુગોથી રચાયેલી જોવા મળી છે. આ સંસ્કૃતિના મૂલ્યલક્ષી વ્યવહારોનું પ્રતિબિંબ ભારતની ભૂમિના સંતોના આચાર–વિચારોમાં ઝીલાયું છે. આ એક એવી ધરતી છે કે જ્યાં રામ–કૃષ્ણ, બુદ્ધ મહાવીર જેવા સંતોએ પોતાના જીવન સંદેશ દ્વારા સામાન્ય જનોનાં ઉચ્ચાભિમુખ મૂલ્યોનું સિંચન કર્યું છે. જે ભૂમિમાં જ્ઞાનેશ્વર, તુકારામ, નાનક, કબીર, તુલસીદાસ જેવાઓએ સાહિત્ય દ્વારા મૂલ્યપરસ્ત જીવનનો સંદેશ આપ્યો છે. જ્યાં શિવાજી અને મહારાણા પ્રતાપે રાષ્ટ્રની વેદી પર પોતાનાં પ્રાણનાં બલિદાન આપ્યા છે. જ્યાં 'મારું જીવન એજ મારો સંદેશ' કહેનાર ગાંધીજીએ જીવનના પ્રત્યેક આચર–વિચારમાં સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ જેવા મૂલ્યોનું સત્યના પ્રયોગો વડે સિંચન કરીને જીવનની પ્રયોગશાળામાં એમનું શોધન કર્યું છે. આ એ ભૂમિ છે કે જ્યાં સત્યમ, શિવમ, સુંદરમની સતત સાધના થતી રહી છે. આ આપણી ગઈકાલની આગવી ભવ્ય વિજયગાથા છે, આપણી સંસ્કૃતિની આગવી વિરાસત છે.

**ઉપનિષદોમાં મૂલ્યશિક્ષણ**

કોઈ વિદ્વાને કહ્યું છે કે હિમાલય જેવો પર્વત નથી અને ઉપનિષદો જેવું પુસ્તક નથી. આ ભારતીય વૈદિક સાહિત્યમાં વેદો, વેદાંગો (શિક્ષણ, કલ્પ, નિરુક્ત, જ્યોતિષ, છંદ, વ્યાકરણ) બ્રામ્હણો, આરણ્યકો અને પછી ઉપનિષદો છે.

આ ઉપનિષદો કુલ ૧૨૮ છે. તેમાં ૧૦ પ્રમાણભૂત ઉપનિષદો છે. તેઓના નામ આ પ્રમાણે છે. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, ઐતરેય, તૈતિરીય, બૃહદારણ્યક અને છાંદોગ્ય. મૂલ્યોનું સંપૂર્ણ વર્ગીકરણ શક્ય નથી. સાંસ્કૃતિક દ્રષ્ટિએ ૪૦ જેટલાં જીવનમૂલ્યો છે. આ દરેક ઉપનિષદોમાં કોઈને કોઈ મૂલ્યો સમાયેલા છે. જેની આજના આધુનિક સમયમાં તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

## મૂલ્યોના વિવિધ પ્રકારો

વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય, આર્થિક મૂલ્ય, રાષ્ટ્રીય મૂલ્ય, નૈતિક મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય, વૈજ્ઞાનિક અભિગમ, બીનસંપ્રદાયિકતા, સહઅસ્તિત્વ, સાધન મૂલ્યો, સાધ્ય મૂલ્યો, સત્ય, સદાચાર, શાંતિ, પ્રેમ, અહિંસા, સાપેક્ષ અને નિરપેક્ષ મૂલ્ય, આદર્શલક્ષી મૂલ્ય વગેરે જેમાંથી ઉપનિષદોમાં પણ આવા મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે અમુક મૂલ્યો નીચે જણાવેલા છે.

૧. પંચમહા યજ્ઞો (સાંસ્કૃતિક મૂલ્ય)

દેવયજ્ઞો, ભૂતયજ્ઞો, પિતૃયજ્ઞ, બ્રમ્હયજ્ઞ અને મનુષ્યયજ્ઞ. દેવયજ્ઞ એટલે દેવોની પૂજા કરી તેમને પ્રસન્ન રાખવી, ભૂતયજ્ઞ એટલે માનવેતર પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો, પરોપકારી કાર્યો કરવાં, પિતૃયજ્ઞમાં મૃત માતા–પિતાનું તર્પણ કરવું, બ્રમ્હયજ્ઞ એટલે સત્યપાલન કરવું, અધ્યયન કરવું, મનુષ્યયજ્ઞ એટલે પ્રેમ, દયા, અહિંસા, મૈત્રી અને દરેક પ્રત્યે આત્મભાવ રાખવો. આ રીતે આ દરેક યજ્ઞોમાં મુલ્યોના દર્શન થતા જોવા મળે છે. સાંસ્કૃતિક વારસાનું ગૌરવ, રાષ્ટ્ર પ્રેમ આ દરેક મૂલ્યોનો સમાવેશ ઉપનિષદોમાં જોવા મળે છે.

૨. ઉપનયન સંસ્કાર (શૈક્ષણિક મૂલ્ય)

ડૉ. આનંદશંકર ધ્રુવના મતે આ સંસ્કાર વડે મનુષ્યના જ્ઞાન અને ચારિત્ર્યનો પાયો નંખાય છે અને મનુષ્ય નવું જીવન પામે છે. મનુના મતાનુસાર દ્વિજત્વની પ્રાપ્તિ, ધાર્મિક શરીર સંસ્કાર અને વિધ્યાપાર્જનના ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા આ સંસ્કાર આવશ્યક છે.

૩. અધ્યયનકાળ (આનંદ મૂલ્ય, આર્થિક મૂલ્ય)

અર્થોપાર્જન પાછળની નૈતિકતા, સ્થાપત્ય–કળા વગેરેનો સમાવેશ આમાં થાય છે. વેદકાળમાં અધ્યયનની અવધી સામાન્ય રીતે ૧૨ વર્ષની હતી. ૧૨ વર્ષની સમયાવધિમાં વિદ્યાર્થી માત્ર એક જ વેદનું અધ્યયન કરી શકતો. વિદ્યાર્થીએ બીજા વેદોનું અધ્યયન કરવું હોય તો તેણે પ્રત્યેક વેદ માટે ૧૨ વર્ષ ગુરુકૂળમાં વિતાવવા પડતા.

૪. ગુરુકુળ પ્રથા (બૌદ્ધિક મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય)

અંતિમ સત્ય, બ્રમ્હસ્વરૂપ, પરમ તત્વ, પૂર્ણત્વની પ્રાપ્તિ, વૈજ્ઞાનિક સમજ આપવામાં આવતી હતી. ગુરુકૂળમાં વિદ્યાર્થીએ પોતાના ગુરુ કરતાં વહેલા ઉઠવું અને મોડાં સૂવું, ભિક્ષાટનમાં મળેલી ભિક્ષા ગુરુને બતાવવી અને તેના અગ્નિહોત્રના રાત્રિ વિધિનું ધ્યાન રાખવું વગેરે નિયમો પાળવાના હતા. આમ, વેદકાલીન ભારત શિક્ષણની પારિવારિક પ્રણાલીમાં વિશ્વાસ ધરાવતું હતું.

૫. ગુરુ–શિષ્ય સંબંધો (નૈતિક મૂલ્ય)

વિદ્યાર્થીઓ પોતાના ગુરુને ઊંડા આદરભાવથી જોતાં અને હૃદયથી તેમનું સન્માન કરતાં. તેઓ ગુરુને માતા–પિતા, દેવતા કે રાજા જેવું ઉચ્ચ સ્થાન અને માન આપતાં.

૬. પાઠ્યક્રમ અને અભ્યાસક્રમ (સામાજિક, રાજનૈતિક, વૈશ્વિક મૂલ્ય)

અતિથિ દેવો ભવ તથા સંયુક્ત કુટુંબ પરિવાર ભાવના, સામાજિક ભેદભાવો દૂર કરવાં,જાતીય સમાનતા, બંધારણીય જવાબદારીઓ, નાના કુટુંબના ધોરણોનો સ્વીકાર

વગેરે જીવનને લગતા ગુણો ઉપનિષદોમાંથી શીખવા મળતાં હતાં. ઉપરાંત આધ્યાત્મિક જેમાં ચાર વેદ, છ વેદાંગ, ઉપનિષદ, પુરાણ, દર્શનશાસ્ત્ર તથા નીતિશાસ્ત્ર જેવા વિષયો સમાવિષ્ટ હતા. તેમજ લૌકિકમાં જ્યોતિષ, ગણિત, ઈતિહાસ, ભૌતિકશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પશુપાલન, આયુર્વેદ અને વિવિધ લલિતકળાઓનો સમાવેશ થતો હતો.

૭. અધ્યયનપ્રણાલી (ઉચ્ચપ્રાથમિક મૂલ્યો, ધાર્મિક મૂલ્ય)

સર્વધર્મ સહિષ્ણુતા, ધર્મપ્રતીકોનો ભાવ, સહકાર, શાંતિમય સહઅસ્તિત્વ. વેદકાળમાં વિદ્યાર્થીઓ પોતાના ગુરુના આશ્રમમાં રહીને જ્ઞાન પ્રાપ્ત કરતાં. શિક્ષણની પદ્ધતિ વૈયક્તિક હતી. કારણ કે દરેક ગુરુને પોતાના શિષ્યો હતા. શિક્ષણ પ્રણાલીના મુખ્ય ત્રણ સોપાનો હતાં. શ્રવણ, મનન અથવા ચિંતન, નિદિધ્યાસન.

શ્રવણ : વેદકાળમાં લેખિત સાહિત્યનો અભાવ હોવાથી શિક્ષણ પદ્ધતિ સામાન્ય રીતે મૌખિક હતી. એટલે કે સાંભળીને શીખવાની પ્રણાલી. મૌખિક શિક્ષણ પ્રણાલી અનુસાર આચાર્ય વેદ મંત્રોનું ઉચ્ચારણ કરતાં અને વિદ્યાર્થીઓ તેમનું અનુસરણ કરતાં.

મનન : આ પ્રણાલીના ઉપયોગથી વેદ મંત્રો અને ઋચાઓનો મૂળ અર્થ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવતો. મનન પ્રણાલી નો ઉપયોગ કુશાગ્ર બુદ્ધિવાળા વિદ્યાર્થીઓને શિક્ષિત અને પ્રોત્સાહિત કરવા માટે થતો.

નિદિધ્યાસન: આ સ્તર પર વિદ્યાર્થીની બધી જ શંકાઓ સમાપ્ત થઈ જાય છે. મેળવેલ જ્ઞાન વિદ્યાર્થીના જીવનનો અભિન્ન અંશ બની જાય છે. 'બૃહદારણ્યક ઉપનિષદ' માં આ ત્રણેય ક્રિયાઓનો ઉલ્લેખ જોવા મળે છે. ગૂઢ તથ્યોના સ્પષ્ટીકરણ માટે પ્રશ્નોતરી અને શંકાના સમાધાન માટે વાદવિવાદ, શાસ્તાર્થ વિધીનો ઉપયોગ કરવામાં આવતો.આ વિધિના ઉપયોગ ને કારણે વિદ્યાર્થીઓમાં સ્મરણ, મનન, ચિંતન, નિર્ણય લેવાની, વક્તૃત્વ વગેરે માનસિક શક્તિઓનો વિકાસ થતો.

૮. અનુશાસન (ચારિત્ર્ય મૂલ્ય)

વિદ્યાર્થીની રોજ પરીક્ષા લેવાતી. આગળનો મંત્ર પાકો થયા વગર તેને નવો મંત્ર આપવામાં આવતો નહી. પ્રત્યેક વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા ૧૫ કે ૨૦ થી વધુ ન હતી. તેથી દરેક વિદ્યાર્થીની પ્રગતિ પર ગુરુ વ્યક્તિગત અને પ્રત્યક્ષ ધ્યાન આપી શકતાં. આ રીતે વૈદિક સમયમાં શિક્ષણની પદ્ધતિ પ્રત્યક્ષ અને વ્યક્તિગત હતી. આમ, ચારિત્ર્યનું નિર્માણ કરવામાં આવતું.

૯. ખાન–પાન, વેશભૂષા, આચાર–વિચાર (પર્યાવરણીય મૂલ્ય, ભૌતિક અને સૌન્દર્ય મૂલ્યો)

વિદ્યાર્થીઓ માટે ખાન–પાન, વેશભૂષા, આચાર–વિચાર, વગેરેને લાગતા કેટલાક નિયમો હતા. જેનું તેમણે દઢપણે પાલન કરવાનું હતું, આ નિયમો નીચે મુજબ હતા.

શય્યા (પથારી), ત્યાગ :

ગુરુકૂળમાં દરેક વિદ્યાર્થીએ સૂર્યોદય પહેલાં પથારીનો ત્યાગ કરવો પડતો. વિદ્યાર્થી જીવન દરમિયાન દિવસે ઊંઘી શકાતું નહી.

સ્નાન :

મનુના મત પ્રમાણે વિદ્યાર્થીએ દિવસમાં એકવાર વિષ્ણુસંહિતા પ્રમાણે બેવાર અને વશિષ્ઠસંહિતા અનુસાર ત્રણવાર સ્નાન કરવું જોઈએ. કેટલીકવાર સ્નાન સમયે શરીર ચોળવું નહી, અન્યના શરીરને સ્પર્શ કરવો નહી, બીજાં પર પાણી ઉડાડવું નહી. ક્રીડાસ્નાન પર પ્રતિબંધ હતો.

પ્રાર્થના :

સ્નાન કર્મ બાદ દરેક વિદ્યાર્થીએ સૂર્યદેવની પ્રાથના કરવાની હતી.પ્રાર્થના દિવસમાં ત્રણવાર સવારે, બપોરે અને સાંજે કરવાની હતી.

ભોજન :

મનુસ્મૃતિમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓએ દિવસમાં માત્ર બેવાર મધ્યાહનકાળે અને સાયંકાળે ભોજન કરવું જોઈએ. વચગાળાના સમયમાં અન્ન લેવું જોઈએ નહી. વિદ્યાર્થીઓને ભોજન સમયે મિતાહારનો આદેશ હતો. જેથી તેઓ નીરોગી રહી શકે અને તેની આધ્યાત્મિક ઉન્નતિમાં વિધ્ન ન આવે. કોઈપણ સંજોગોમાં મધ્યપાન, માંસ ભક્ષણ અને વાસી ખોરાક લેવાં પર પ્રતિબંધ હતો.

વેશભૂષા:

મનુના કથન પ્રમાણે જાતી અનુસાર વિદ્યાર્થીઓની વેશભૂષા ભિન્ન ભિન્ન હતી. મેખલા અને યજ્ઞોપવિત(જનોઈ) ધારણ કરવી દરેક વિદ્યાર્થી માટે અનિવાર્ય હતું. બ્રમ્હાણ, ક્ષત્રીય અને વૈશ્યની મેખલા(કંદોરો) અનુક્રમે ઘાસ, સુત્તર અને ઊનની રહેતી. તેઓ શરીરનો ઉપરનો ભાગ ક્રમશઃ શણ, રેશમ અને ઊનના વસ્ત્રોથી અને શરીરનો નીચેનો ભાગ ક્રમશઃ કળા મૃગ, પટ્ટાવાળા મૃગ અને બકરાંની છાલના વસ્ત્રોથી ઢાંકતા. કોઈ પણ વિદ્યાર્થી આંજણ, અત્તર, છત્રી, પગરખાં અને ફૂલોની માળાનો ઉપયોગ કરી શકતો નહી. તે સમયમાં પણ ડ્રેસકોડની વિચારણા અમલમાં હતો.

આદતોમાં સાદગી :

ગુરુકૂળમાં રહેતાં અમીર–ગરીબ, ઉચ્ચ કે નીચ બધા જ પરિવારના વિદ્યાર્થીઓએ સાદું અને સરળ જીવન વિતાવવું પડતું. રામાયણ અને મહાભારતમાંથી મળતાં ઉદાહરણ પરથી જોઈ શકાય છે કે રાજ કુટુંબના વિદ્યાર્થીઓએ પણ એટલી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો, જે મુશ્કેલીઓનો સામનો તેમના ગરીબ સહપાઠીઓ કરતાં.

બ્રમ્હચર્યનું પાલન :

વિદ્યાર્થીઓએ વિચાર વાણી અને ક્રિયામાં દ્રઢ બ્રમ્હચર્ય પાળવાનું હતું. કેવળ જાતીય ઈન્દ્રિયોનો જ નહી, પરંતુ સર્વ ઈન્દ્રિયોનો સંયમ એટલે બ્રમ્હચર્ય. "બ્રમ્હચારી એટલે બ્રમ્હ કે પરમતત્વની ઉપાસના કરનાર નિષ્ઠાવાન બ્રામ્હણ." સ્વામી શ્રી શિવાનંદ સરસ્વતીના મત મુજબ,

"બ્રમ્હચર્ય અમરત્વ પ્રાપ્ત કરવા માટે નો પાયો છે . બ્રમ્હચર્ય વસંત નું એક એવું ફૂલ છે, જેની પાંખડીઓ માંથી અમરત્વની ફોરમો છુટે છે ."

ગાંધીજીના મતે બ્રમ્હાચાર્યનો અર્થ અહી મન વચન અને કર્મ થી ઈન્દ્રિય નિગ્રહ છે. સ્ત્રીગમન ન કરવા છતાં મનથી જે વિકારમય રહે છે. તે ખરો બ્રમ્હાચારી ન મનાય .

**સમાપન**

કેટલાંક મૂલ્યો સનાતન હોય છે. જેમ કે પ્રેમ, દયા, અહિંસા, કરુણા, સહિષ્ણુતા વગેરે.... જયારે કેટલાંક મૂલ્યો પરિવર્તનશીલ અને સાપેક્ષ હોય છે. જેમ કે પર્યાવરણની સુરક્ષા, ઊર્જાનું સંરક્ષણ, નાનું કુટુંબ સુખી કુટુંબ, સ્ત્રી–પુરુષ અમાનતા, ધર્મનિરપેક્ષતા વગેરે... આમ, મૂલ્યોનું શિક્ષણ આપવાં માટે એક સુજ્ઞ ચિંતકે રજૂ કરેલી કંડિકાઓ દરેક શિક્ષક અને આચાર્યે આત્મસાત કરવી રહી.

"Sow a thought and reap an action,
Sow an action and reap the habit,
Sow a habit and reap the character,
Sow a character and reap a destiny...

–Samue S. Smiles.

**સંદર્ભસૂચિ**

પ્રજાપતિ,આર.કે.(૨૦૧૧), મૂલ્યશિક્ષણ, કેળવણી અને તત્વજ્ઞાન, ગૂર્જર સાહિત્ય ભવન.

ગોહિલ,એન.પી.(૨૦૧૧). વિશ્વના વિવિધ ધર્મો, કેળવણી અને તત્વજ્ઞાન, ગૂર્જર સાહિત્ય ભવન.

પરમાર, મહીડા, શાહ, મોજીત્રા, તપોધન, જોષી, ઠાકર, શર્મા અને અન્ય(૨૦૧૨). ભારતમાં શૈક્ષણિક પ્રણાલીનો વિકાસ, અક્ષર પબ્લિકેશન.

**શિક્ષણ દર્શન ના લેખકો માટે**

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X) માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (Shruti) ફોન્ટમાં ટાઇપ કરી નીચેના સરનામે મોકલો. (લેખની સોફ્ટ કોપી Dr. Jignesh B. Patel ને jig_har@yahoo.com પર ઇ-મેલ કરો.)**

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**

**૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની-મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪**

rgkothari@gmail.com